Letter No: SJED/0292/03/2024 Dt: 13-03-2024

ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને ચોથા હપ્તા પેટે રૂ.૨૬.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

વર્ષ:- ૨૦૨૩-૨૪

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/1606/A-1

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ-

(૧)આ વિભાગનો તા.૧૮/૦૪/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક:SJED/CIE/e-file/17/2022/2945/B.

(૨)આ વિભાગનો તા.૨૫/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/1606/A-1.

(૩) આ વિભાગનો તા.૩૧/૦૭/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1606/A-1.

(૪) આ વિભાગનો તા.૧૬/૧૨/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ઠરાવ ક્રમાંકઃ SJED/MIS/e-file/17/2022/1606/A-1.

(૫) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૦/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૨૩-૨૪/૧૬૫૦-૫૧

**આમુખ**:-

ઉપર વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૧)થી નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૫.૦૦ લાખની જોગવાઇને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ઉક્ત વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૨) થી ઉક્ત જોગવાઇના ૨૫% મુજબ પ્રથમ હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટેની વહીવટી મંજૂરી આપેલ છે. ઉક્ત વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૩) થી ઉક્ત જોગવાઇના ૨૫% મુજબ બીજા હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટેની વહીવટી મંજૂરી આપેલ છે. ઉક્ત વંચાણે લીધાં ઠરાવ ક્રમાંક (૪) થી ઉક્ત જોગવાઇના ૨૫% મુજબ ત્રીજા હપ્તા પેટે રૂ.૨૧.૨૫ લાખની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મૂકવા માટેની વહીવટી મંજૂરી આપેલ છે. સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ઉપર વંચાણે લીધાં ક્રમાંક (૫) ના પત્રથી ઉક્ત નિગમ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૯૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ચોથા હપ્તા પેટે રૂ.૨૬.૨૫ લાખ મંજુર કરવાની અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજપત્રમાં ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ માટે વહીવટી ગ્રાન્ટ પેટે મંજૂર થયેલ રૂ.૯૦.૦૦ લાખની વહીવટી ગ્રાન્ટમાંથી ચોથા હપ્તા પેટે રૂ.૨૬.૨૫ લાખ (અંકે રૂપિયા છવ્વીસ લાખ પચીસ હજાર પુરા)ની વહીવટી ગ્રાન્ટ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમના હવાલે મુકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા તાત્કાલિક ગુજરાત વિચરતી અને વિમુક્ત


eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (12:12 PM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

જાતિ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૩) સને ૨૦૨૩-૨૪ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૬) હવે પછી મળવાપાત્ર ગ્રાન્ટ માંગતા પહેલાં આ ઠરાવથી છુટી કરાયેલ ગ્રાન્ટના હિસાબો સાથે દરખાસ્ત કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદર:૨૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:૮૦ સામાન્ય, ગૌણ સદર:૧૦૧ વિમુક્ત અને અસ્થાયી જાતિઓનું કલ્યાણ અને પેટા સદર: ૨૦ ડિએનટી-૮ ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ હેઠળ ઉધરાવાનો રહેશે અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૨૮/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (12:12 PM)

(કલ્પના રાણા)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪, ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.

(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

Letter No: SJED/0292/03/2024 Dt: 13-03-2024

(૭) સેકશન અધિકારીશ્રી (બજેટ/કોમ્પ્યુટર-સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૮) સિલેક્ટ ફાઇલ.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Mar-2024 (12:12 PM)